

# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૪૬ | ઑગષ્ટ - ૨૦૧૯ | પત્ર - ૭૯

## "જીવતંતાના લક્ષણો"

પ્રભુ સાથેના સંબંધમાં, ઓળખમાં જીવંત છે તેઓના ચોક્કસ લક્ષણો જોઈ શકાય છે. જીવંતતા હંમશા ટકી રહેવા, વિકાસ પામવા અને જોખમોની અંદર બચવા માટે પ્રયત્નશીલ હોય છે. આ સાથે પ્રભુ સાથેના સંબંધમાં જીવંતતાના પણ લક્ષણો જોવા મળે છે.

૧. જીવંતતા એ વિકાસ પામે છે અને ફળોથી ભરપૂર થાય છે : યોહાન ૧૫માં જણાવે છે કે ડાળી વેલામાં રહ્યા વિના ફળ આપી શકતી નથી. ડાળી વેલામાં રહેવાથી જીવંત રહે છે અને ફળ આપે છે. આમ પ્રભુમાં રહેવાથી જીવંત રહીને ફળો આપી શકાય છે. ડાળી વેલામાં રહીને ફળ આપે એટલું પુરતું નથી પરંતુ વધારે ફળ આપે એટલે કે તેનો વિકાસ થાય માટે તેને શુદ્ધ કરવામાં આવે છે. શુદ્ધતા હંમેશા જીવંતતાથી થાય છે. આમ પ્રભુ સાથેના સંબંધની જીવંતતા ફળો આપે છે અને વિકાસ પણ થાય છે.

૨. જીવંતતા ચાલે છે : પ્રભુ સાથેના જીવંત સંબંધમાં વ્યક્તિ પ્રભુમાં ચાલે છે. ૧ યોહાન ૨:૫,૬ પ્રમાણે પ્રભુમાં ચાલવું એટલે પ્રભુ જેમ ચાલ્યા તેમ ચાલવું. પ્રભુમાં જીવંત વ્યક્તિ હંમેશા પ્રેમ, પવિત્રતા, આધિનતા અને સ્વાર્પણની ભાવનામાં ચાલે છે જે જીવંતતાનું લક્ષણ છે.

૩. જીવંતતા સાંભળે છે :

જીવંત વ્યક્તિ સાંભળી શકે છે, તેમજ પ્રભુ સાથેના સંબંધમાં જેઓ જીવંત છે, તેઓ પ્રભુની વાત, શિક્ષણ અને સંદેશને સાંભળે છે. જેઓ પ્રભુમાં નથી તેઓ સાંભળતા નથી. ૧ યોહાન ૪:૬માં જણાવે છે કે જે દેવને ઓળખે છે તે આપણું સાંભળે છે.

૪. જીવંતતામાં પ્રેમ છે. ૧ યોહાન ૩:૧૪ પ્રમાણે પ્રેમ કરનાર મરણમાંથી નીકળીને જીવનમાં આવે છે. ૧ યોહાન ૪:૭ જે દેવથી જન્મેલા છે તે દેવને ઓળખે છે અને પ્રેમ કરે છે. આમ દેવને ઓળખનાર જીવંત હોય છે અને તેઓ પ્રેમાળ હોય છે. પ્રેમ કરનાર હોય છે.

૫. જીવંતતામાં મદદની ભાવના હોય છે : પ્રભુ પર પ્રેમ કરનાર જીવંત વ્યક્તિ હંમેશા એકબીજાને મદદકર્તા અને દયા દર્શાવનાર હોય છે. ૧ યોહાન ૩:૧૭ જણાવે છે તે પ્રમાણે જેની પાસે સંપત્તિ છે અને જેને જરૂર છે તેના પર દયા ન કરે તો તેનામાં જીવંતતા કરી શકાય નહીં.

આમ ઉપર જોયું તે પ્રમાણે જેઓ પ્રભુમાં જીવંત છે તેઓ વિકાસ પામે છે, સાંભળે છે, અને ચાલે છે તથા દયા રાખે છે.

આપણે આપણાં વિશે વિચાર કરીએ

## પાછલા કાર્યો તરફ દ્રષ્ટિપાત

- તા. ૦૫-૦૭-૧૯ શુક્રવારની પ્રાર્થના સંગતમાં જુલાઈ મહિનાને મિશનેરીઓ માટે ખાસ પ્રાર્થના માટે સુવાર્તા પ્રચાર સમિતિ પ્રમુખ શ્રી રાજેશ આર. ક્રિશ્ચિયન દ્વારા મિણબત્તી પ્રગટાવી ખુલ્લો મુકવામાં આવ્યો.
- તા. ૦૭-૦૭-૧૯ રવિવારની ભજનસેવામાં એપવર્થ ચર્ચ, સુરતના પ્રોજેક્ટના દાન માટે પાળક રેવ. યોહાન ખ્રિસ્તી સાહેબ તથા આગેવાનોએ હાજરી આપી. રેવ. યોહાન ખ્રિસ્તી સાહેબે વચનની સેવા આપી. સર્વ સભ્યો તરફથી પ્રોજેક્ટ માટે ઉદારતાથી દાન આપવામાં આવ્યું.

  ભજનસેવાબાદ સ્થાનિક મહિલા મંડળના બહેનોએ ૧૧-૦૦ થી ૧-૦૦ સુધી બાઈબલ વાંચનમાં સમય આપ્યો. સર્વ બહેનો માટે બપોરના ભોજનની વ્યવવસ્થા પેટ્રીક પરિવાર, ખાનપુર તરફથી કરવામાં આવી. પુષ્કળ આભાર.
- તા. ૧૪-૦૭-૨૦૧૯ રવિવારની ભજનસેવામાં ૧ રાજા ૧૯:૧-૪ પ્રમાણે હતાશ થવું નહી તે સંબંધી વચન આપ્યું. આ ભજનસેવામાં કું. સેનીટા પ્રશાંતભાઈ ક્રિશ્ચિયનને ન્યુઝીલેન્ડમાં અભ્યાસ માટે જવાની તક મળતાં બુકે આપી. શુભેચ્છા સાથે પ્રાર્થના કરવામાં આવી. અભિનંદન. કુટુંબ તરફથી આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર

  ભજનસેવાબાદ પાસ્ટોરેટ કમિટી મળી.

  - બપોરે શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે દિકરી રીયોનાના જન્મ દિવસે કુટુંબ તથા સંબંધીઓ સાથે પ્રાર્થના સંગત કરવામાં આવી.

- તા. ૧૭-૦૭-૨૦૧૯ ના રોજ અમદાવાદ ડિસ્ટ્રીક્ટડ વેસ્ટના પાળકો તરીકે મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં સાંજે ૧૦-૦૦ થી સવારના ૫-૦૦ સુધી પ્રાર્થના સંગતમાં મળ્યા.
- તા. ૨૧-૦૭-૨૦૧૯ રવિવારની ભજનસેવામાં આરાધનામાં પ્રભુ શું અપેક્ષા રાખે છે તે સંબંધી વચન આપ્યું.
- તા. ૨૫-૦૭-૨૦૧૯ના રોજ સાંજે ૮-૦૦ કલાકે શ્રીમતી લલીતાબેન એસ. ખ્રિસ્તી ના ઘરે રામોલમાં પ્રાર્થના સંગત ચલાવવામાં આવી.
- તા. ૨૮-૦૭-૨૦૧૯ રવિવારની ભજનસેવામાં પેરેન્ટસ સન્ડેની ઉજવણી કરવામાં આવી. જેમાં કલોસ્સી ૩:૨૦ પ્રમાણે ''સન્માન'' સંબંધી વચન આપ્યું. સર્વ પેરેન્ટ્સને ઉભા કરવામાં આવ્યા. અને સર્વ બાળકોએ તાળીઓના ગડગડાટથી સન્માન કર્યું.
  ભજનસેવાબાદ સુવાર્તા પ્રચાર સમિતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયનની દોરવણીમાં સર્વએ મિશનેરીઓ માટે ખાસ પ્રાર્થનામાં સમય ગાળ્યો.
- તા. ૩૧-૦૭-૨૦૧૯ના રોજ શ્રીમતી પ્રતિમાબેન એ. માસ્ટર સ્વૈચ્છિક નિવૃત્ત થતાં શ્રી આલાપભાઈ માસ્ટર દ્વારા તેમના પરિવારના સભ્યો સાથે આભાર - સ્તુતિની સંગત એપીટોમ હોટલ, ઘોડાસરમાં રાખવામાં આવી હતી. કૉન્ફરન્સ ટ્રેઝરર રેવ. ડૉ. યાકુબ એલ. મેકવાન સાહેબે વચનની સેવા આપી. સર્વ તરફથી બુકે આપી શુભેચ્છા આપવામાં આવી.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચિ.એરોન એ. ઈમાનુએલ | બર્થ ડે | ૫૦૦.૦૦ | નિલયકુમાર ચૌહાણ | આ.સ્તુતિ | ૧૦૦૦.૦૦ |
| ચિ. રોશની પી. પરીખ | બર્થ ડે | ૨૦૦.૦૦ | શ્રીમતી સિલ્વીયાબેન એન. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૫૦૦.૦૦ |
| ચિ. રીયોના ડી. હેરી | બર્થ ડે | ૫૦૦.૦૦ | શ્રીમતી જુલીયેટ એન. ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૨૦૦.૦૦ |
| શ્રીમતી રીટાબેન ડી. હેરી | બર્થ ડે | ૫૦૦.૦૦ | શ્રીમતી ઉષાબેન એમ. રાઠોડ | બર્થ ડે | ૨૦૦.૦૦ |
| શ્રી જેમ્સ વી. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦.૦૦ | સુ. સેનીટા પી. ક્રિશ્ચિયન તરફથી | | |
| શ્રીમતી કેરોલિનબેન એ. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦.૦૦ | ન્યુઝીલેન્ડ અભ્યાસ કરવા જવાની તક મળતાં | આ.સ્તુતિ | ૫૦૦૦.૦૦ |
| શ્રીમતી જુલીયેટબેન એન.ક્રિસ્ટી | બર્થ ડે | ૨૦૦.૦૦ | શ્રી રોહિત ફ્રાન્સિસ | આ.સ્તુતિ | ૨૦૦.૦૦ |
| ચિ. પ્રતિક્ષા એન. પરીખ | બર્થ ડે | ૨૫૦.૦૦ | શ્રી ઈમાનુએલ એસ. ખ્રિસ્તી | બર્થ ડે | ૨૦૦.૦૦ |
| ચિ. સ્વીટી એન. પરીખ | બર્થ ડે | ૨૫૦.૦૦ | શ્રીમતી લલિતાબેન એસ. ખ્રિસ્તી | આ. સ્તુતિ | ૧૦૦.૦૦ |
| શ્રીમતી મહિમા એમ્બ્રોઝ પેટ્રીક | બર્થ ડે | ૫૦૦.૦૦ | શ્રી ફ્રાન્સિસ વી. ગોહિલ | બર્થ ડે | ૨૦૦.૦૦ |
| શ્રીમતી પ્રતિભાબેન આર. મહિડા | બર્થ ડે | ૫૦૦.૦૦ | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | પૂઅર ફંડ | ૫૦૦.૦૦ |
| શ્રી કૃણાલ આર. મહિડા | બર્થ ડે | ૫૦૦.૦૦ | ચિ. સ્ટેસી જીમી ડેવિડ | બર્થ ડે | ૨૫૦.૦૦ |
| શ્રી રશ્મિકાંત પી. મહિડા | આ.સ્તુતિ | ૧૦૦૦.૦૦ | શ્રી જીમી એસ. ડેવિડ | આ.સ્તુતિ | ૫૦૦.૦૦ |
| ચિ. એરીક અને એસ્લીન | | | શ્રીમતી વૈશાલી એસ. પીલ્લઈ | બર્થ ડે | ૧૦૦.૦૦ |

## BIRTHDATES IN AUGUST- 2019

| તારીખ | નામ | તારીખ | નામ | તારીખ | નામ |
|---|---|---|---|---|---|
| ૧/૮ | શાૅન રાજેષભાઈક્રિશ્ચિયન (USA) | ૧૩/૮ | જેનેટબેન પ્રશાંતભાઈ ક્રિશ્ચિયન | ૨૪/૮ | શનાયા નિરવભાઈ મહિડા (USA) |
| ૦૧/૮ | એલિશાબેન અશ્વિનભાઈ પરીખ | ૧૯/૮ | સુરેખાબેન અનિલભાઈ ક્રિશ્ચિયન | ૨૪/૮ | આર્નોન સેમ્યુલભાઈ પેલમોર |
| ૨/૮ | એશેલ એ. ક્રિશ્ચિયન | ૨૦/૮ | આશ્કાબેન નિલેશભાઈ રાઠોડ | ૨૫/૮ | પ્રાર્થના આશિષભાઈ કાપડિયા |
| ૦૩/૮ | રોમી અરવિંદભાઈ ક્રિશ્ચિયન | ૨૨/૮ | એનેશા ડિકસન હેરી | ૨૭/૮ | જીલ માયુસભાઈ રાઠોડ |
| ૦૭/૮ | થોમસભાઈ વિકટરભાઈ મેકવાન | ૨૨/૮ | અંજનાબેન ક્રિસ્ટોફરભાઈ ક્રિસ્ટી | ૨૯/૮ | ડોરિનબેન નિલેષભાઈ ક્રિશ્ચિયન |
| ૦૮/૮ | લલિતાબેન શંકરભાઈ ખ્રિસ્તી | ૨૩/૮ | સ્ટેલાબેન મનહરભાઈ પરમાર | | |

## જાહેરાતો

- તા. ૧૩-૦૮-૧૯ મંગળવારના રોજ શાહપુર મેથોડિસ્ટ ચર્ચ, બીલ્ડીંગના ૪૭ વર્ષ પૂર્ણ થતાં તા. ૧૧-૦૮-૧૯ના રવિવારની ભજનસેવામાં ઉજવણી કરવામાં આવશે.
  ભજનસેવા બાદ જુવાનોની સંગત થશે.
  બપોરના ભોજનની વ્યવસ્થા છે.
- દર રવિવારે કુટુબ સાથે સવારે ૯-૦૦ કલાકે ભજનસેવામાં હાજરી આપો.
- દર શુકરવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગતમાં હાજરી આપો.
- બાળકોને દર રવિવારે સન્ડે - સ્કુલમાં બેસાડો.
- દર ત્રીજા રવિવારે ભજનસેવા બાદ સર્વ બહેનો મહિલા મંડળની સંગતમાં હાજરી આપશો.
- દર બીજા રવિવારે ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી મળે છે. સભ્યો હાજરી આપશો.
- ઉદારતાથી આપના દાનો આપવાનું ચાલુ રાખશો.

## ભેટ

- શ્રી ઓલ્ડ્રીચ ઓ. ગામડીયા તરફથી સ્વ. આલ્ફ્રેડ ગામડીયાના સ્મરણાર્થે નંગ-૧ પંખો ચર્ચમાં ભેટ મળેલ છે. આભાર.

## નાણાંકીય અહેવાલ જૂન - ૨૦૧૯

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૬-૧૯ની ઉઘડતી સિલક | રોકડ | ૩૦,૪૯૦.૮૮ |
| | બેંક | ૨,૬૩,૧૭૪.૬૬ |
| તા.૩૦-૦૬-૧૯ સુધીની આવક | | ૧,૮૪,૬૮૭.૦૦ |
| | કુલ | ૪,૭૮,૩૫૨.૫૪ |
| તા. ૩૦-૦૬-૧૯ ની બંધ સિલક | | |
| | રોકડ | ૩૨,૮૩૧.૮૮ |
| | બેંકમાં | ૩૦,૬,૦૪૪.૬૬ |
| તા.૩૦-૦૬-૧૯ સુધીનો ખર્ચ | | ૧,૩૯,૪૭૬.૦૦ |
| | કુલ | ૪,૭૮,૩૫૨.૫૪ |

શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન, ટ્રેઝરર